# વિશ્વશાંતિની ગુરુકિલ્લી

મનુભાઈ પંચોળી (દર્શક)



# વિશ્વશાંતિની ગુરુકિલ્લી (ચાર વ્યાખ્યાનો) :

## મનુભાઈ પંચોળી ‘દર્શક’

સંપાદક: મોહન દાંડીકર, પ્રવીણભાઈ શાહ

પ્રકાશક: સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ

અક્ષરનાદ
AksharNaad.com

# અનુક્રમણિકા


વ્યાખ્યાન પહેલું. શાંતિના વાવેતરને પાણી પાઈએ ........ 3

વ્યાખ્યાન બીજું ........ 7

વ્યાખ્યાન ત્રીજું. શિક્ષણના બે પાયા ........ 15

વ્યાખ્યાન ચોથું. બાળપણની કેળવણી ........ 19



ટાઈપ બદલ શ્રી ગોપાલભાઈ પારેખ અને જોડણીસુધાર બદલ શ્રી ઉત્તમભાઈ ગજ્જરનો આભાર.

# વ્યાખ્યાન પહેલું. શાંતિના વાવેતરને પાણી પાઈએ

એક વખત બીરબલને રાજસભામાં આવતાં મોડું થઇ ગયું. બાદશાહે પૂછ્યું “અલ્યા, કેમ મોડો આવ્યો?” તો કહે, “જનાબ, છોકરાને રમાડતો હતો, તેમાં સમયસર ન નીકળાયું.”

“લે, એમાં શી મોટી ધાડ મારવાની હતી? ખાવાનું આપી દીધું હોત તો વાત પતી જાત.”

“ના, માલિક, એટલું સહેલું કામ એ નથી.”

બાદશાહ તો હઠે ચડ્યો. છોકરાં રમાડવાં તેમાં વળી શી વડાઈ? છેવટે નક્કી થયું કે બાદશાહ બને બાપ અને બીરબલ બને દીકરો. દીકરાને બાપ રમાડી જાણે તો જાણવું કે છોકરાં રમાડવાં સાવ સહેલાંસટ... અને શરત શરૂ થઈ.

બીરબલે તો શરૂ કર્યું. “એં એં... ”બાદશાહે પ્રેમથી પૂછ્યું “કેમ બેટા, કેમ રડે છે? શું જોઈએ તારે?”

“ખાવું છે !”

“ઓહો, તેમાં શી મોટી વાત ? શું ખાવું છે?”

“શેરડી !”

“અલ્યા, શેરડી લઈ આવ !

શેરડી આવી. નોકરને કહ્યું કે કાપી આપ. કાપી આપી, પણ છોકરો તો વળી પાછો એંએં એં કરવા લાગ્યો.

“અલ્યા, હવે તારે શું જોઈએ?” “ના બાપુ, તમે શેરડી કાપી દ્યો.”

“લે બાપા, હું કાપી આપું ”.... ભાંગે શેરડી... આપી... પણ છોકરાએ તો શેરડીનો કર્યો ધા !

“કેમ હવે શું જોઈએ?”

“મારે તો ઘોડા પર બેસવું છે. !”

માથે હાથ દઈને બાદશાહ બોલ્યો, “અલ્યા એય, લાવ ઘોડો, બેસાડ આ કુંવરને!”


An http://aksharnaad.com E-book

ઘોડો આવ્યો. પણ તોય "એં એં એં... " તો ચાલુ. "હવે તારે શું બાકી રહ્યું છે દીકરા?"

"માલે તો તમે ઘોલો બનો અને એ ઘોલા પર માલે બેસવું છે." બાદશાહ ઘોડો થયા અને બીરબલ એના પર બેઠા. પણ ત્યાં પાછું એં એં એં ...શરૂ. બાદશાહ કહે, "અલ્યા, હવે શું છે તારે?"

"બાપા , આ ભાંગેલી શેરલી આખી કરી દ્યો."

બાપા તો બરાડી ઊઠ્યા, "સાલા હરામખોર!"

અને શરતમાં બીરબલ જીતી ગયો તે કહેવાની જરૂર છે? આ ભ્રમણા કેવળ બાદશાહને નહિ, આપણને સૌને આ ભ્રમ છે કે છોકરાં એટલે ગણતરીમાં નહિ લેવાની બાબત. પણ બાળકો સંભાળવાં તે અઘરામાં અઘરું કામ છે અને એ કામ તમે સૌ બહેનો કરી રહી છો, તે બદલ હું ધન્યવાદ આપું છું.

ભણાવવા કરતાં 'કેળવવાં' શબ્દ વધારે સારો છે. આપણા કોશમાંથી "ભણાવવું" શબ્દ આપણે કાઢી નાખવો જોઈએ. આપણે બાળકોને કેળવવાં છે. ભણાવી શકાય તે 'વિષય' કવિતા, ગણિત, ઇતિહાસ ભણાવી શકાય. પણ આપણે તો બાળકોને કેળવવાં છે. આજકાલ તો મા-બાપ છોકરાંને ભણાવી ધન્યતા અનુભવતાં થઈ ગયાં છે. કોઇને ત્યાં જઈએ તો કહેશે, "અમારો બાબો બહુ હોશિયાર હો કે ! આવ તો બાબા, અહીં આવ. એ કૉન્વેન્ટમા જાય છે હં કે ! અરે બાબા, પેલી તારી પોએમ સંભળાવને !"

હું ઘણુંય કીધા કરું કે ભાઈ, સંભળાવવાની કંઈ જરૂર નથી. એને રમવા જવા દો. પણ પેલાં માબાપને તો એવું શૂરાતન ચઢ્યું હોય કે પ્રદર્શન વગર જાણે તેમને ચેન જ નહિ. બાળક તે જાણે સંગ્રહસ્થાનની કોઈ પ્રદર્શનીય ચીજ ! છેવટે પેલાને ગાયે જ છૂટકો ! Twinkle, Twinkle, little stars! શરૂ થાય અને હું માથે હાથ દઈને બધું નાટક સહન કર્યે જાઉં ! શું છે આ બધું? સાત વર્ષ સુધી ભણવાનું કેવું? ત્યાં સુધી તો કેવળ કેળવણી જ ચાલે. કેળવણી એટલે બાળકમાં રહેલી સારી શક્તિને ઉંમરના પ્રમાણમાં પ્રગટ થવા દેવાની અનુકૂળતા આપવી તે. પછી એ ઊગશે તો આપમેળે જ. ગુલાબના છોડને ખાતર-પાણી દઈએ, નીંદામણ કરીએ, બાકી ગુલાબ એની મેળે ઊગશે. ઉગાડવાની ચિંતા આપણે નથી કરવાની. એની ભીતર બધું પડ્યું જ છે. આપણે તો ખાલી થોડી મદદ કરવાની છે.

ત્યારે હું પ્રાથમિક શાળામાં ભણાવતો. પાંચમા-છઠ્ઠા ધોરણમાં પ્રેમાનંદનું 'સુદામાચરિત' શીખવતો. હું તો કવિતા લલકારતો છોકરાંઓને એવા ઊંડા ઇતિહાસમાં લઈ ગયો કે સમયનું ભાન પણ ના રહ્યું. વર્ગ પૂરો થયો પછી નાનાભાઇ કહે, "મનુભાઈ તમે સારું ભણાવ્યું, પણ છોકરાંઓને આટલું બધું ન ભણાવવું જોઈએ. આગળ માટે કાંઈક બાકી રાખવું જોઈએ ને? તમે સારા શિક્ષક નથી, કારણ તમે બધું ઠાલવી દો છો!"

આજે પણ મારા કાનમાં નાનાભાઈના આ શબ્દો ગુંજે છે. સાત વર્ષ પછીના ભણતરમાં મૂળભૂત તફાવત છે. નાનાં બાળકો ઈ ન્દ્રિયો દ્વારા શીખે છે. ભાષાજ્ઞાન દ્વારા નહિ. બાળકને….Symbol સંજ્ઞા ન ચાલે. તેને તો પ્રત્યક્ષ મૂળ ચીજ જોઈએ, આ જગત જેના થકી બન્યું છે તે રસ, રૂપ, ગંધ, રંગ, વર્ણ વગેરેને એ પોતાની સગી ઇન્દ્રિયોથી સમજવા માંગે છે. અનુભવવા માંગે છે. સૃષ્ટિનાં પશુ, પંખી, જીવજંતુ સાથે એ આત્મસાત્ થવા ઝંખે છે. આ જગતમાં વિવિધ સૂક્ષ્મ શ્રેણીઓ પડેલી છે. કોલાહલથી માંડીને ખાન અબ્દુલ કરીમખાંના સંગીત સુધીની શ્રેણીબદ્ધતા અવકાશમાં વેરાયેલી છે. આવું જ રૂપ, રંગ, વર્ણનું. આ બધું બાળકને આત્મસાત કરવા દો. માને 'મધર'કે 'મમ્મી' કહેવાય, એ વાત એ મોડી શીખશે તો કશું ગુમાવવાનું નથી, પણ જો જગત સાથેનું અનુસંધાન બાળપણમાં નહિ કેળવાયું તો તે પથ્થર જેવો થઈને ઊભો રહેશે, એટલે બાળક અનુભવથી જ શીખવા માંગે છે. એની પાસે સ્પર્શની ભાષા છે. એ દ્વારા તે જાણે છે કે આ મારી મા છે. મને પોષનારી. સ્પર્શ દ્વારા એના જીવનમાં એક સમજણ ઊભી થાય છે. આ વાત જે મા નથી સમજતી, તે બાળકને પોતાના બાળકને કદી સમજી જ નહિ શકે. એટલે બાળપણમાં આપણે બાળકને ઇન્દ્રિયગત અનુભવ આપવાનો છે. એનું પહેલું કેન્દ્ર છે માબાપ. ત્યાર પછી ભાઈ-ભાંડુ, આંગણું, વનસ્પતિ, શેરી એમ ક્રમ આગળ વધે છે.

બાળકને ધીરે ધીરે એના ક્રમમાં આગળ વધવા દેવાનું છે. ઉતાવળને ત્યાં જરાય અવકાશ નથી. નવ મહિના ઘોર અંધારા ગર્ભાશયમાં રહેલું બાળક આ પૃથ્વી પર આવે ત્યારે ઓરડામાં Flood light હોય તો ન ચાલે. ધીમા મંદ પ્રકાશમાં જ સુવાવડ થાય, તે જોવું જોઈએ, બાળકને આસ્તે આસ્તે પ્રકાશની દુનિયામાં લઈ આવવાનું છે, એ પ્રક્રિયા બધી જ ઇન્દ્રિયો માટે લાગુ પડે છે. સ્પર્શનાં સાધનો પણ રેશમ-મખમલથી ખરબચડા સુધી પહોંચે તેવાં હોવાં જોઈએ. બાળકને સ્વાનુભાવની બારાક્ષરી પર અનંતનો પરિચય થાય છે. અનુભવે એને ભાન થશે કે જગતમાં સજીવ-નિર્જીવ બે વસ્તુ છે. ઝાડને પાણી પાવું પડે છે. દેડકાં, કીડીને પણ સુખદુ:ખનો અનુભવ થાય છે. હું ને આ કૂતરું બંને સગાં છીએ. બંનેનાં સુખદુ:ખ સમાન છે. આવી સંવેદના બાળકમાં જાગશે તો જગતમાં શાંતિ થશે.

આપણે શાંતિ સ્થાપવા માટે અનેક પ્રયત્નો કરીએ છીએ, આંદોલનો ચલાવીએ છીએ. પણ છતાંય શાંતિ સ્થપાતી નથી. કારણકે બાળપણમાં માણસના ચિત્તમાં

આ સમભાવના, સંવેદનાને પ્રગટ થવાની તક મળી નથી, ક્રમિકતાનો અનુભવ નથી મળ્યો. ચિત્તમાં પરભાવના ઊછરતી રહી છે.પછી મોટી ઉંમરે ઘણીય મથામણ કરો, ભાગવત-ગીતાનાં પારાયણો કરો,પણ ખેતરના દાણા ચરી ગયા પછી ખેડૂત ઘણાય હોંકારા-પડકારા કરે તેવી આ વાત છે. કોઇ જર્જરિત ગારાની

 An http://aksharnaad.com E-book

ભીંત પર સિમેન્ટનું પ્લાસ્ટર કરવાની આ વાત છે. આજે ઘણીબધી કથાઓ ચાલે છે. પણ લાખો શ્રોતાઓમાં ભાગ્યે જ કોઇક પર અસર થાય છે. કારણ એ જ કે સમય ચુકાઈ ગયો છે.

બાળપણની ઉંમર તે મહત્ત્વની ઉંમર છે. તે વખતે જે છાપ પડી તે અમીટ છે. એટલે જ કહું છું કે તમે ખૂબ અઘરું કામ કરી રહ્યાં છો. શાંતિ સ્થાપવાનું કામ કરી રહ્યાં છો. બાળકમાં સંવેદના પ્રગટ થાય તે માટેનો અવકાશ આપો. એલેકઝાંડર જ્યારે હિન્દુસ્તાન તરફ ચઢાઈ કરવા આવ્યો ત્યારે પોતાનું નાનકડું રાજ્ય સાચવવા માટે એક સૂબાને સોંપ્યું. એલેકઝાંડરની મા કોઈને દાદ ન આપે. રાજમાં ડખલ કર્યા કરે એટલે પેલો સૂબો એલેકઝાંડરને ફરિયાદના પત્રો લખ્યા કરે. એલેકઝાંડર પત્રો વાંચી લે, પણ એકેનો જવાબ ન આપે. એક વખત પેલા સૂબાએ ગુસ્સે થઈને લાંબો પત્ર લખ્યો. ત્યારે એલેકઝાંડર બોલી ઊઠ્યો. “આ મૂરખને એટલીય ખબર નથી કે આવા તો અડધો શેર કાગળ મારી માની આંખનાં બે ટીપાંમાં ધોવાઈ જશે.”મા પ્રત્યેની કૃતજ્ઞતાની આ લાગણી ક્યાંથી આવી? ક્ક્કો શીખ્યો તે પહેલાં આ ઘટના થઈ ગઈ, ત્યારે આવું બન્યું.

માસ્તર બાળકની હથેળીમાં આંકણી મારે છે ત્યારે વિદ્રોહનાં બીજ ચિત્તમાં વવાઈ જાય છે Basic roots of aggression બાળચિત્તમાં વાવીએ અને પછી શાંતિ માટે રાતદી’ દોડા કરીએ તો કેમ ચાલે? જે ચિત્તમાં વિરોધોનાં, વિદ્રોહનાં જાળાં નથી, તે લડવા માટે ઉત્સુક નહિ થાય. લડવા માટેની ઉત્સુકતા, હાથમાં ચળ ઊપડે તે સાવ જુદી બાબત છે. એટલે શાંતિનું સાચું ક્ષેત્ર બાળપણ છે. તમે સાચા શાંતિસૈનિક છો. મોટી ઉંમરે શાંત થવું કપરું. ખૂબ ઊઠબેસ કરવી પડે.

બાળક પોતે જાતે અનુભવીને તે વિષયને સમજે જ છે. સાથોસાથ એનો પોતાનો આત્મવિશ્વાસ પણ વધારે છે. આ તેનું અનુભવસિદ્ધ જ્ઞાન હોય છે, ઉધાર જ્ઞાન નથી હોતું, તેથી તે ડગતો નથી. બાળક ભાંગફોડ કરે તેની ચિંતા ન કરશો. આજે જગતમાં શાંતિના નામે શસ્ત્રાસ્ત્રો પાછળ કરોડો રૂપિયાનું આંધણ થાય છે. તેના પ્રમાણમાં બાળકની ભાંગફોડ કોઈ વિસાતમાં નથી. એને માટીમાંથી રમકડાં બનાવવા દો. ઠીકરાનાં ઘર ભલે એ ઘડે, કોડીનો મોર ભલેને ચીતરે ! એની આ સરજત એના ચિત્તમાં શાંતિનું વાવેતર કરતી જાય છે.

બાળકમાં શક્તિનો ખજાનો પડ્યો છે. એને સતત પ્રવૃત્તિ જોઈએ. એ કદી થાકતું નથી. આપણને પણ પાછા પાડી દે. એક શેતરંજી પર તમે સૂઈ જાઓ અને બીજી પર બાળકને સુવાડો. બાળકની જેમ તમે પણ હાથપગ હલાવો અને જુઓ કે પહેલા હાથપગ કોના બંધ થાય છે ! બાળકમાં આ શક્તિ પડેલી છે એ જે જાણે છે તે સાચો શિક્ષક બની શકે, નગરોનાં કબૂતરખાનાંમાં ઊછરેલાં બાળકોને રમવા ધૂળ મળે ત્યારે આનંદઘેલાં થઈ જાય છે. આમાંથી સાર નહિ કાઢીએ તો ભારે મોટી ખોટ સહેવી પડશે.


An http://aksharnaad.com E-book

તમે સૌ શાંતિના દેવદૂત છો. હિટલરને હરાવનાર સેનાપતિએ શિક્ષકો માટે લખેલું કે .... Your business is to put me out of business. દુનિયામાં મોટામાં મોટા સેનાપતિને કામધંધા વગરનો કરી મૂકવો તે એ કામ કરવાનું છે. આ કામ ધાર્મિક પ્રવચનો કે કથા-પારાયણથી ઓછું થાય. મેડમ મોન્ટેસરીને એક દિવસે કોઈકે કહ્યું કે મેડમ, ઇઝરાઇલમાં એક માણસે શોધ કરી કે, ડંખ વગરની મધમાખી પેદા થઈ શકે. ત્યારે મોન્ટેસરી બોલ્યાં, "ડંખ વગરનો માણસ પેદા કરી શકીએ તેવું આપણે કરવું છે!"

આજે આપણે આ કોન્વેન્ટ, અંગ્રેજી ભાષાનો મોહ વગેરે બાળકો પર લાદીને ત્રાસ ગુજારી રહ્યાં છીએ. પેલી ગુલીવરની વાર્તા છે ને, જેમાં ઠિંગુજી મોટા લોકોની દુનિયામાં અટવાઈ જાય છે ! આ બાળકો તે ગુલીવર છે ને આપણે સૌ મોટા કદના રાક્ષસો !આપણ ઢાળમાં તેમનાં બીબાં ઢાળીએ છીએ. પણ જીવનનો એક લય છે. બાળકમાં તે લયને એની મેળે લહેરાવા દો.બધું આપમેળે સુંદર સર્જાશે.

(જામનગરમાં આપેલ વ્યાખ્યાન)

## વ્યાખ્યાન બીજું

ભાઈઓ અને બહેનો,

મારે જે થોડા વિચારો આપ સૌની સમક્ષ મૂકવાના છે તે રજૂ કરું  તે પહેલાં મારે હિંદુ વોલન્ટિયર કોરના સંચાલકોનો આભાર માનવો જોઈએ. દેશના ખૂણાના એક ગામડામાં પડેલ મને આટલે દૂર આ સંમેલનના પ્રમુખ તરીકે આપે બોલાવ્યો તેમાં મારી યોગ્યતા કરતાં આપ સૌની મમતા જ વધારે કારણભૂત છે. મેં કામ શિક્ષણના ક્ષેત્રે કર્યું છે ખરું, પણ એને આપે જે મહત્ત્વ આપ્યું તે કામના પ્રમાણમાં વિશેષ છે. પણ પ્રેમસદ્ ભાવ-મૈત્રી, શક્તિ જેવા સદ્  ગુણો પારસમણિ સમા છે. તે કંકરના શંકર બનાવી શકે છે.

આ પ્રસંગે મને સૌથી વિશેષ સ્મરણ થાય છે ગિજુભાઈનું. તેમને આપણે પ્રથમ પ્રણામ કરીશું. ગુજરાત સંતો-સેવકોની જનની છે. વર્તમાન ગુજરાતના ઘડતરમાં મારા નમ્ર મતે ચાર મહાગુરુઓએ ફાળો આપ્યો છે. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, ગિજુભાઈને મેઘાણીભાઈ. ગુજરાતી લોકોના હ્રદયને જો પૂછવામાં આવે તો તેમના પર અનુક્રમે આ ચાર જણની સૌથી પ્રબળ અસર છેલ્લાં પચીસ વર્ષમાં થઈ છે તેમ કહે.

ગિજુભાઈને એમના જીવનમાં ઘણી સફળતા ને સન્માન વર્યાં હતાં. વિદ્યાર્થીઓનો પ્રેમ તો એમના જેટલો બીજા કોઈને, એક મોતીભાઈ અમીનને બાદ કરતાં. ભાગ્યે જ મળ્યો હશે, પણ એમના કામની સફળતાનો આંક કાઢીએ તો એમના મૃત્યુ બાદ તે ઊલટો વધ્યો છે.

ગુજરાતની કોઈ નિશાળમાં આજે શિક્ષા થઈ શકતી નથી. ગુજરાતમાં બાળકેળવણીએ- બાલવાડીએ શિક્ષણના માળખામાં અફર સ્થાન લઈ લીધું છે. બાળસાહિત્ય પર સરકાર દર વરસે નાનાંમોટાં ઈનામો આપે છે. બાલક્રીડાંગણો ઊભાં કરવાં તે પંચાયતોની એક ફરજ ગણાવા માંડી છે. સૌરાષ્ટ્રનાં નાનાં ગામડાંઓમાં પણ બાલક્રીડાંગણો ઊભાં થતાં જાય છે. એટલે આપણી કહેવત ગિજુભાઈના કામને આપણે લાગુ પાડી કહી શકીએ કે, “હાથી જીવતો લાખનો, પણ મૂઓ સવા લાખનો.” એનો અર્થ એ છે કે કોઈ પણ સાચો વિચાર તેના પ્રવર્તકની સાથે મરતો નથી, પણ પ્રવર્તકના અવસાન પછી તે પ્રવર્તક સશરીરે જે કામ કરતો હતો તેના કરતાં અશરીરે વધારે કામ કરે છે. દેહ કરતાં આત્માના બળની આથી મોટી સાબિતી બીજી કઈ હોઈ શકે? આપણે સૌ પહેલાં તેમનું સ્મરણ કરીએ, તેમને પ્રણામ કરીએ.

છેલ્લાં પચાસ વર્ષમાં ઘણી શોધો થઈ છે. ચંદ્ર પર અને સૂર્યમંડળમાં રોકેટો, ઉપગ્રહો મોકલવાની અદ્ ભુત શોધો માણસે કરી છે. ને આવતા દસકામાં આપણે કદાચ ચંદ્ર પર પણ જઇ શકીએ, પણ મને પૂછવામાં આવે તો હું કહું કે એ મહત્ત્વની શોધો નથી.

અલબત્ત એનાથી આપણી શક્તિ વધી છે, પણ મુક્તિનું શું? અવકાશયાનો, ઉપગ્રહો, આઈ.સી.બી.એમ. એ બધાએ  શિવનું ક્ષેત્ર નથી વધાર્યું. શક્તિનું વધાર્યું છે. આપણે સૌ એક ભયના ઓથાર નીચે જીવી રહ્યાં છીએ. આપણે નાયલોનનાં કપડાં ને આપણા બાપદાદાએ ધાર્યાં ન હોય તેવાં ખાનપાન લઈએ, પણ આપણા બાપદાદાઓ નચિંત, સ્વચ્છ જીવન જીવતા તે આપણાં ને આપણાં બાળકોના નશીબમાં નથી રહ્યું. ઠંડું કે ભયાનક યુદ્ધ આપણી આજની ઘડીપળનો ચિંતાનો વિષય બની રહ્યું છે. એનું કારણ આપણે કંઈ વધારે ઝગડાળુ, ઈર્ષાળુ  થયા છીએ તે નથી. પણ આપણા હાથમાં સત્તા મેળવવાનાં, સંહાર કરવાનાં શસ્ત્રો, કલ્પનામાંયે ન હોય તેવી શક્તિવાળાં શસ્ત્રો આવ્યાં છે તે છે. મહારાજ્ય ચંદ્રગુપ્ત ને નેપોલિયનનાં હતાં. પણ તેમની વિનાશ કરવાની શક્તિ આજનાં મહારાજ્યોથી લાખમાં ભાગની પણ ન હતી. શક્તિ વધી તેના પ્રમાણમાં શિવત્વ વધ્યું નથી.

આથી મેં કહ્યું કે મોટી શોધ અણુ કે પરમાણુ શક્તિને હું નથી ગણતો. છેલ્લાં પચાસ વર્ષમાં થયેલી મોટામાં મોટી શોધ હું બાલશિક્ષણશાસ્ત્રની ગણું છું.મારી અફર શ્રદ્ધા છે કે, જો માણસજાતને મુક્તિનો અનુભવ લેવો


An http://aksharnaad.com E-book

હશે, તો આ શોધ પાસે આવવું પડશે. ત્યારે જ શાંતિનું ક્ષેત્ર વિસ્તરશે, ત્યારે જ મુક્તિનું સાચું પ્રભાત ઊઘડશે.

આનો અર્થ હું એવો લગીરે નથી કરતો કે શાંતિ માટેના રાજકીય કે આર્થિક પ્રયત્નોની કિંમત ઓછી છે. એવા પ્રયત્નો આપણા અભિનંદનને પાત્ર છે જ, કારણકે સારું જીવન પણ જીવન હોય તો જ શક્ય છે, પણ હું ધ્યાન તો તે તરફ દોરવા માગું છું કે Fences are needed for garden but fences can not create flowers. બગીચા માટે વાડની જરૂર છે જ, પણ વાડ ફૂલોને જન્મ આપી શક્તી નથી તેમ વ્યવસ્થા જરૂરી હોવા છતાંયે તે આપોઆપ મુક્તિનો અનુભવ કરાવી શકતી નથી. યુનેસ્કોના ખતપત્રની પ્રસ્તાવનામાં કહ્યું છે તેમ યુદ્ધ પહેલાં માણસોના હ્રદયમાં શરૂ થાય છે ને ત્યાં જ તેને ડામવું જોઈએ. વ્યક્તિઓના હ્રદયમાં જ પરિવર્તન કરવાની રીતે માણસજાત જમાનાઓથી શોધતી આવી છે. કારણ કે વ્યક્તિ પોતે આક્રમણ ન કરે, કે આક્રમક ન હોય તો તોપો જાતે કાંઇ ફૂટવા માંડતી નથી. સ્વયંસંચાલિત મિસાઈલ્સનું પણ કોઇએ બટન દબાવવું પડે છે. તે આપોઆપ ઊડતાં નથી.

કોરી જમીનમાં પડેલ તિખારો આપોઆપ ઓલવાઈ જાય છે. પણ ઘાસવાળી ભોંયમાં જો પડે તો જરૂર દાવાનળ લાગે છે.

તિખારો ન પડે તે એક સાવચેતી. ને તિખારો પડે તોપણ આગ ન લાગે. આપમેળે બુઝાઇ જાય તે બીજી સાવચેતી. બાળકેળવણીનું શાસ્ત્ર આ બીજા પ્રકારનું કામ કરે છે.એટલે જ હું ઘણી વાર બાળકેળવણીમાં કામ કરનારાઓને શાંતિસૈનિકો કહું છું. શાંતિ સ્થાપવાનું કામ માત્ર આઇઝનહોવર, ક્રુશ્ચેવ કે વિનોબાજી જ નથી કરતા. પણ રાનીપરજનાં ઝૂંપડાંઓ વચ્ચે બાલવાડી ચલાવનાર ગ્રામસેવિકા પણ કરી રહેલ છે, કારણ કે તે પોતાની સંભાળમાં મુકાયેલ ભૂલકાંઓમાં આક્રમક વૃત્તિનાં બીજ ન રહે તેવી હિકમતથી કામ કરી રહેલ છે. તેનો ફોટો કે નામ છાપામાં આવતાં નથી, તેથી તેનું કામ ઓછા મહત્ત્વનું નથી. ઝાડનાં મૂળિયાં હંમેશાં અંધારામાં જ રહે છે, પણ વૃક્ષને તે જ પોષણ આપે છે, ને તે જ વૃક્ષનો આધાર બને છે.

લડાઇના પડઘમ વાગે કે તરત જ આક્રમકને સંખ્યાબંધ સૈનિકો મળી રહે છે, તે શા કારણે? ઘાસનાં સૂક્ષ્મ બીજો ત્યાં ધરતીમાં જ હતાં, વરસાદ પડતાં તે બીજો ફૂટી નીકળ્યાં. આક્રમક વૃત્તિનાં બીજો ત્યાં ચિત્તની ભૂમિમાં વેરાયેલાં જ હતાં. અનુકૂળ ઘડી મળતાં ફૂટી નીકળ્યાં. સંસ્કૃતિ, વિવેક, સારાસારવૃત્તિ કશું ત્યાં કામ ન આવ્યું.

બાલશિક્ષણ અને બાલમાનસશાસ્ત્ર એમ કહે છે કે આક્રમક વૃત્તિ કાંઇ બાળકોમાં પહેલેથી નથી હોતી, જિજીવિષા સંરક્ષણની ઇચ્છા તેને હોય છે. પણ આક્રમણની વૃત્તિ તો કુશિક્ષણનું જ પરિણામ છે, ને યોગ્ય શિક્ષણ તેને રોકી શકે છે. આ યોગ્ય શિક્ષણ એટલે સમયસરનું શિક્ષણ ને પદ્ધતિસરનું શિક્ષણ. બધાં બાલશિક્ષણકેન્દ્રોમાં આ બંને વસ્તુઓ જળવાય છે તેવું નથી ને તેથી પરિણામ આવતું નથી, પણ તેમાં દોષ વિચારનો નથી, પણ વહેવારનો છે. વાવણી વખતે જે ખેડૂત વાવે નહિને લણણી વખતે જે લણે નહિ તે શું મેળવે? શક્તિ વપરાય તે પૂરતું નથી, સમયસર વપરાય તે જરૂરી છે.

જમાનાઓથી સાધુસંતો શાંતિનો ઉપદેશ દેતા આવ્યા છે. તેનું પરિણામ શા સારુ આટલું ઓછું આવ્યું છે? ઈશુ કે ભગવાન તથાગત, સંત ફ્રાંસિસ, એકનાથ કે તુકારામનાં ચારિત્ર, જ્ઞાન અને કરુણા અપરિમેય હતાં. પણ તેમના સંસર્ગમાં આવેલામાંથી મોટા ભાગને તેઓ ચિત્તશાંતિ આપી શક્યા? ને તેમનાગયા પછી પણ તેમના ઉપદેશનાં શ્રવણમનનથી કેટલાના જીવતરનું પરિવર્તન થયું? એમની મહત્તા અને ગુણવત્તા બંનેના પ્રમાણમાં પરિણામ કેટલું? પ્રશ્ન સહેજે શાંતિથી વિચારવા જેવો છે. મૂડીનું વધારેમાં વધારે વ્યાજ મળવું જોઇએ. જ્યાં ઓછું વ્યાજ મળતું હોય ત્યાંની મૂડી ખેંચી લઇ જ્યાં વધુ મળે તેમ હોય ત્યાં મૂડી નાખવી જોઈએ તેમ વ્યવહાર-ડાહ્યા લોકો અવશ્ય કહેવાના, પણ વંદનીય મહાપુરૂષોની ચારિત્ર અને હિંમતની મૂડીનું એવું થયું છે ખરું? શા સારુ ? ગંગાના અનર્ગળ જીવનદાયી પ્રવાહમાંથી મબલક પાક નથી ઊતર્યો? હું ઉત્તર આપવાનું સાહસ કરું? આ મહાપુરુષોએ પોતાનો ઉપદેશ પ્રૌઢોને આપ્યો છે. તેમણે પોતાનું કાર્યક્ષેત્ર પ્રૌઢ-પરિવર્તન ગણ્યું હતું.

મહાભારતમાં ભગવાન વ્યાસે એક માર્મિક પ્રસંગ મૂક્યો છે, દુર્યોધનને એક વાર વિદૂર સમજાવે છે કે ભાઇ-ભાઇના યુદ્ધનું પરિણામ કેવું ભયંકર આવે. દુર્યોધન એ બધું સાંભળીને કહે છે જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિ:, જાનામિ અધર્મ ન ચ મે નિવૃત્તિ: (ધર્મ શું છે તે હું જાણું છું. મારાથી પળાતો નથી અને અધર્મ શું છે તે પણ હું જાણું છું, પણ મારાથી તેમાં પાછું ફરાતું નથી.) સાધારણ સૌની ઓછે-વત્તે અંશે આવી દશા હોય છે. આપણે દુર્યોધનની નાનીમોટી આવૃત્તિઓ છીએ, કારણકે જ્ઞાન પછીથી આવે છે. આદતો, લાગણીનાં વલણ બાળપણમાં પડી ચૂક્યાં હોય છે. આથી ઉપદેશ આપણને એક બાજુ ખેંચે છે અને આદતો, લાગણીઓ બીજી બાજુ. આ ગજગ્રાહમાં થોડાક સદ્ ભાગીઓને બાદ કરીએ, તો બાળપણની આદતો અને લાગણીઓ જીતે છે. આ પૂજ્ય અને પ્રણમ્ય મહાપુરુષો પ્રત્યે પૂરો આદર રાખીને પણ એમ કહી શકાય કે એમણે આની શરૂઆત કરવી જોઇએ ત્યાંથી નો’તી કરી. એટલે તેમના પ્રયત્નનુ6 પરિણામ ઓછું આવ્યું છે, ને ધર્મસંસ્થા જ્યાં સુધી પ્રૌઢોમાં કામ કરશે ત્યાં સુધી ધર્મ દૃઢમૂળ ને સ્વાભાવિક થવાનો નથી.

 An http://aksharnaad.com E-book

બાલશિક્ષણનું બીજું વિધાન એ છે કે આક્રમક વૃત્તિનાં મૂળ બાલ્યાવસ્થામાં થયેલ નૈરાશ્યના અનુભવમાં છે. બાળકોને અપમાન અને નિરાશાના જે અનુભવો આપણા ઘરમાં, શેરીઓમાં ને શાળામાં થાય છે તે બાળકો ભૂલી નથી જતાં. પણ તેમના ચિત્તના ચોપડામાં તેઓ તે સમાજને ખાતે ઉધારી રાખે છે. મોટું તથાં જ તે ચોપડો ખોલે છે ને પોતાનું લેણું સમાજ પાસેથી એક યા બીજી રીતે વસૂલ કરે છે. બધા સમાન છે એમ આપણે કહીએ, પણ બાળકે નાનપણમાં અપમાન, હીણપતભર્યા અનુભવ કર્યા હોય છે એટલે મોટી ઉંમરે તે કોઇને પીડિત કર્યા સિવાય રહી શકતો નથી.

સમાજનો ઇંતિહાસ એમ કહે છે કે જે સમાજનાં બાળકોને આકરામાં આકરી સ્થિતિમાં રખાતાં તે સમાજનાં બાળકો મોટી ઉંમરેવધારે સ્વછંદી અને આક્રમક થતાં.

સ્પાર્ટાની શિસ્ત આકરી હતી-પૈસો ત્યાં રખાતો નહિ. કલાસાહિત્યનું સેવન વેવલાઈ ગણાતી. ત્યાંના ખડતલ સૈનિકોએ જ્યારે બીજા પ્રદેશો જીત્યા ત્યારે પૈસા ને વિલાસમાં સૌથી પહેલાં ડૂબ્યા. એટલે સમાજ બાળકોને જે ચલણમાં મૂલવશે તે જ ચલણમાં બાળક પણ સમાજને ચૂકવશે.

બાળકને જેટલી વાર નિરાશાનો અનુભવ આપણે કરાવીએ છીએ તેટલી તેની આત્મશ્રદ્ધા ગઇ તે તક આવ્યે આક્રમક થાય છે, ને તક ન મળે ત્યાં સુધી અરજદાર રહે છે.

તેને આપણે દબડાવ્યો.રોવડાવ્યો, હીણપત આપી, તેને થયું કે આનો બદલો કેમ લેવો? પોતાનાથી કોઇ નાનો મળશે તેને તે દબડાવશે,બીજા દેશ પર આક્રમણનાં નગારાં વાગે ત્યારે તેમાં ભરતી થઇને દેશસેવાના નિમિત્તે મનમાં ભરી રાખેલાં અપમાનોની કોઇના પર દાઝ કાઢી પોતાની વડાઇ સાબિત કરશે.

કર્ણ ચીતરીને વ્યાસ ભગવાને આપણને આ જ શિખામણ આપી છે. કર્ણને નાનપણમાં સૌએ અજ્ઞાતકુલશીલ ગણી તિરસ્કાર્યો, ભીમે તિરસ્કાર્યો, દ્રૌપદીએ સૂતપુત્ર કહી સભા વચ્ચે તિરસ્કાર્યો, પણ કર્ણ બળવાન હતો એટલે એ સહન કરી બેસી ન રહ્યો; તેણે દુર્યોધન સાથે ભળી પાંડવ-કૌરવનું પાટે ચડવા ન દીધું. દ્રૌપદીના વસ્ત્રહરણમાં, છળકપટથી ભરેલા દ્યૂતમાં બધે તેણે સાથ આપ્યો. કર્ણ મોટો દાનવીર હતો. પોતાનાં કવચકુંડલ દાનમાં આપતાં તે અચકાયો ન હતો. શાસ્ત્રોનો પણ જાણકાર છતાંયે તેણે આવું કેમ કર્યું હશે? નાનપણમાં અપમાનો-નિરાશા વેઠવાં પડેલાં તેનો બદલો લેવા કર્ણે આ બધું કર્યું. તેને ભણવું હતું તે માટે ખોટો વેશ લઇને તેણે પરશુરામ પાસે ભણવા જવું પડ્યું. ને ત્યાં પણ પકડાતાં શાપ મળ્યો; દ્રૌપદી સાથે પરણવું હતું પણ ભરસભામાં સૂતપુત્રને નહિ વરું કહી દ્રૌપદીએ અપમાનિત કર્યો, કૃપાચાર્યે કુમારોની પરીક્ષા વખતે ‘તું રાજવંશનો પુત્ર નથી, તારાં માતાપિતા કોણ?’ કહી હાંસી કરી, ભીષ્મ તો તેને કાગડો કહેતા. આમ


An http://aksharnaad.com E-book

ચારે બાજુ નિરાશા ને અપમાન મળતાં બદલો લેવા તે અધર્મને પક્ષે ગયો. આક્રમણ કરનારાઓનું સોગઠું બન્યો. હજારો વર્ષ પર ભગવાન વ્યાસે જે કવિની દૃષ્ટિથી જોયું. તે જ બાલશિક્ષણકારોએ આજે વૈજ્ઞાનિક દૃષ્ટિથી શોધ્યું છે.

બાલશિક્ષણશસ્ત્રીઓનું ત્રીજું વિધાન એ છે કે સંહારવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે. આક્રમણનો ઉપાય અંત:તૃપ્તિ છે. જે સમાજ પોતાનાં બાળકો માટે તેમની વય, તેમની વૃત્તિ, લક્ષમાં રાખીને સર્જનકાર્ય માટેની વ્યવસ્થા પોતાની શિક્ષણવ્યવસ્થામાં યોજે છે તેને કોર્ટો, જેલો, લશ્કરોનું ખર્ચ ઓછું કરવું પડે છે.જ્યાં આત્મસંયમનથી ત્યાં પરસંયમ-પરશાસન લાવવું પડે છે.એટલે જ પ્લેટોએ કહ્યું કે “જે સમાજ યોગ્ય શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરેછે તેને લશ્કર પાછળ ઓછું ખર્ચ કરવું પડે છે.” આ આત્મસંયમ

જેટલો નિગ્રહથી આવે છે;તેનાથી વિશેષ અંત:તૃપ્તિથી આવે છે; જેને પોતાની પ્રવૃત્તિ કઇ તે જડી ગયું છે તેને બીજાનાં કામમાં દખલ કરવાની; બીજાની ટીકા કરવાની ફુરસદ જ હોતી નથી. ફૂલ પર બેઠેલી મધમાખીની જેમ તે રસ ચૂસવામાં તલ્લીન થઇ જાય છે. આપણામાંના મોટા ભાગને અંત:તૃપ્તિ નથી માટે બહાર દોડધામ કરીએ છીએ, વસ્તુઓના ગંજના ગંજ ખડકીને મોટા થવાનો ખોટો ડોળ કરીએ છીએ, કારણ અંદર આપણું મન ખાલીખમ હોય છે.

બાળકોએ એ અવસ્થાએ આપણે સ્વયંસ્કુરિત પ્રવૃત્તિ કરવા દઈએ તો અંત:તૃપ્તિ માટેનો તેમનો માર્ગ ખુલ્લો થશે ને બીજાને દખલ કરવાનું, બીજાની ઈર્ષા કરવાનું. બીજાને હલકા પાડી મોટા થવાનું ઝેર તેમના સ્વભાવમાં નહિ પ્રવેશે. આ ઝેર શું આપણા સમાજમાં ઓછું છે? કોઈક જરાક આગળ વધે તો રાજી થનારા કેટલા? અને ઈર્ષા કરાનારા કેટલા? આવો ઈર્ષાળુ સમાજ, સમાજ કહી શકાય ખરો? અપમાન ને ઈર્ષાળુ વ્યક્તિઓ યુદ્ધની આગ ફેલાવનારાઓને સૂકા ઘાસની ગંજી જેવા ઉપયોગી નીવડે છે.

એટલે મેં અગાઉ કહ્યું કે બાલશિક્ષણનું કામ એક ધાર્મિક કામ છે ને બાલશિક્ષકો શાંતિસૈનિકો છે. ભલે આવું કામ કરનારા શિક્ષકો ઝાઝા ન હોય, પણ જેટલા હોય તેટલા ભારે આદરને પાત્ર છે. કારણ કે સમાજના સ્વાસ્થ્ય ને સુખ માટે તેઓ પાયાનું કામ કરી રહ્યા છે.આપણાં ધન, માલ, આબરૂ, સુખ એ બધાંને માટે આપણે વારેવારે શેરબજાર, પોલીસ કે અદાલત તરફ જોઇએ છીએ. તેને બદલે જો આપણે બાલમંદિરો તરફ જોતા, બાલમંદિરો પાસેથી મદદ માગતા થઈએ, તો સંભવ છે કે આપણી આશા વહેલી સફળ બને. કારણકે ધનનું ધન આખરે તો આપણાં સુશીલ સંતાનો છે અને તેમને સુશીલ બનાવવાની મોટામાં મોટી શક્યતા યોગ્ય બાલશિક્ષણમાં છે.

પણ આનો અર્થ કોઇ મા-બાપ એવો ન કરી બેસે કે બાલમંદિરોમાં બાળકોને મોકલ્યાં એટલે તેમની જવાબદારી પૂરી થઈ. જે માબાપ પોતાના ધનના ધનને સુરક્ષિત રાખવા માગતાં હોય તેમને બાલમંદિર મદદ કરી શકે છે, પણ તેમની જવાબદારી જતી નથી. કારણકે બાળક શિક્ષણ-સંસ્થામાં આખરે કેટલાક કલાક રહેશે? ચારથી પાંચ કલાક, બાકીના ઓગણીસ-વીસ કલાક તો તે ઘરમાં જ રહેતું હોય છે. ઘર કે શાળા વચ્ચે મેળ ન હોય, વિસંવાદ હોય તો શાળા જે કાંઇ પોતાના સમય દરમિયાન ચણે તે ઘરના સમય દરમિયાન પડે.

અમદાવાદ બંધાયું ત્યારની વાત છે. અહમદશાહ બાદશાહે અમદાવાદ ફરતો કિલ્લો બાંધવા માંડ્યો. આખો દિવસ ચણતરનું કામ ચાલે, રાત થાય, સવાર પડે ને જુએ તો ચણેલું તૂટી પડ્યું હોય. ઘણા દિવસ આમ ચાલ્યું. બાદશાહને આનો ભેદ સૂઝે નહિ. કોઈકે કહ્યું કે માણેકનાથ બાવાની જગ્યા આ કિલ્લામાં આવી જાય છે. તે કાંઇક જાદુ કરતો હશે. હાલના માણેકચોક આગળ માણેકનાથ બાવાની જગ્યા. બાદશાહ તેની પાસે ગયો. કિલ્લો કેમ તૂટી પડે છે તેનું કારણ પગે લાગીને પૂછ્યું. માણેકનાથે પોતાની સાળ બતાવી. દિવસે તેના પર સાદડી વણતો. બાદશાહને કહે, “દિવસે આ સાદડી વણું છું ને રાત્રે તેને પાછી ઉકેલી નાખું છું એટલે તારો કિલ્લો પડી જાય છે.” બાદશાહે તેને સમજાવ્યો. માણેકચોક નામ આપ્યું. ત્યાર પછી કિલ્લો પડતો બંધ થયો.

આપણે બધાં માબાપ માણેકનાથ બાવા જેવાં છીએ. માબાપ નહિ સમજે તો બાલમંદિર કે શાળાનું કામ ચાલવાનું નથી. એટલે હું તો હાથ જોડી વિનવું છું કે આ તમારું કામ અમે કરીએ છીએ. રાત્રે સાદડી વીંખવાનું કામ થંભાવો ને મજબૂત અને વિશાળ હૃદયનો કિલ્લો બાંધવાનું કામ શરૂ કર્યું છે તેમાં મદદગાર થાઓ. બાળકને જે વર્તાવ બાલમંદિરમાં મળતો હોય, જે શિક્ષણ સંસ્કાર, સગવડો ત્યાં અપાતાં હોય તેનાથી જુદું ઘરમાં ન અપાય તે જુઓ. કારણકે બાળકો આખરે તમારાં છે. તે તમારી સાથે વધારે રહે છે.

સાચી વાત તો એ છે કે બાળકોને તમે ચાહો છો તેટલું અમે-શિક્ષકો ચાહી શકવાનાં નથી. તમારું એક વેણ કે એકાદ વર્તન બાળક પર જેટલી અસર કરશે, અમારાં વેણ નહિ કરે. એટલે જ ઉપનિષદના ઋષિએ કહ્યું કે એક પિતા દસ આચાર્યની બરાબર છે ને એક માતા તો સો આચાર્યની તોલે છે. આ શિક્ષણમાં પડેલા શિક્ષકો પણ એ સમજી લે. તેમનું કામ માત્ર બાળકોને ત્રણ કલાક ભણાવવાથી આજે પતી જતું નથી. માબાપોનો સહકાર મેળવવો અને તેમનું દૃષ્ટિપરિવર્તન કરવું તે પણ તેમના કામનો ભાગ છે. તેઓ જ્યાં સુધી આને પોતાના કામનો ભાગ નહિ ગણે ત્યાં સુધી દળી દળીને ઢાંકણીમાં  ઉઘરાવવાનું જ રહેશે, કારણ કે હુકમનું


An http://aksharnaad.com E-book

આખરી પાનું તો માબાપના હાથમાં જ છે તે પાનું તેમની તરફેણમાં ન પડે તો તેમની જીતેલી બાજી હારમાં ફેરવાઇ જતાં વાર નહિ લાગે.

વાલીઓને પણ થોડું કહીને હું મારું કહેવાનું પૂરું કરીશ. તેઓ વિચારે કે તેમનું ને સમાજનું મહત્ત્વનું કામ કરવાવાળા શિક્ષકોને સમાજ યોગ્ય સન્માન, પૂરતું વેતન આપે છે, કે તેમને પોતે રોકેલા વાણોતરો ગણે છે? વાણોતરો આપણે સૌ છીએ પણ તે શામળશા શેઠના. અંદર અંદર તો આપણે સૌ ભાઇઓ જ છીએ. સમાજને સ્વસ્થ, સુખી, શીલવાન, અનાક્રમક બનાવવા માટે આપણે સૌ આપણી રુચિ મુજબનું કામ નોખી નોખી દિશામાંથી કરીએ છીએ. જુદા જુદા મોરચે લડનારા સૈનિકો આખરે એક જ સૈન્યના સિપાહી છે. તેમ આપણે આ પૃથ્વી પર ન્યાય, સ્વતંત્રતા ને સમતા પર રચાયેલા ભૂતલનું સ્વર્ગ રચવાનો પુરુષાર્થ સૈકાઓથી કરી રહ્યા છીએ, જેને કોઈએ રામરાજ્ય કહ્યું, કોઈએ પૃથ્વી પરનું વૈકુંઠ કહ્યું. પણ માનવજાતિની એ અદમ્ય ઝંખના રહી છે કે સ્વર્ગ પૃથ્વી પર રચવું. આ ઝંખનાને પૂરી કરવા બાલશિક્ષણમાં પડેલાંઓ પોતાને મોરચે કામ કરી રહ્યાં છે. તેઓ નિરાંતે ને ઉત્સાહથી પોતાના સ્થાનને ચોંટી રહે તે માટે તેમને પૂરતું વેતન મળ્યા કરે તે જોવાની શાણા સમાજની ફરજ છે.

કહે છે કે ગુજરાતીઓ વેપારીઓ છે. તેમને સંસ્કૃતિ કરતાં પૈસાની વધારે પડી છે. હું તેમ નથી માનતો. ગુજરાત જરૂર વ્યવહારચતુર છે, પૈસો વેડફી નાખવાનું તેને પસંદ નથી. પણ વાજબી પ્રવૃત્તિ પાછળ પૈસો આપતાં, પ્રતિષ્ઠા આપતાં ગુજરાત કદી અચકાતું નથી. નહિતર  દેલવાડાની અપ્રતિમ કલા ગુજરાતમાં કેમ ઊતરે? કહે છે કે વસ્તુપાલ ને તેજપાલ કારીગરોને આરસની રજ બરાબર સોનું ને રૂપું આપતા ને એથીયે વિશેષ તો વસ્તુપાલ ને તેજપાલની પત્નીઓ આ કારીગરોને હૂંફાળું ભોજન ને ગરમ પીણું મળે તેની જાતે સંભાળ લેતી. આવા કલાકારોને તેમનો આવો આદર ને આવું મૂલ્ય કંઇ એકાએક નહિ ઊભાં થયાં હોય ! કલા તથા તેની કદરની શક્તિ વખત માગે છે. કલા પેઢીની પેઢી સુધી સચવાઇ હશે ને પેઢીની પેઢી સુધી કલાનાં માન-સન્માન થયાં હશે. એટલે હું નથી ધારતો કે ગુજરાત સાચી કલાનું સન્માન કરવામાં જરાય ઊણું ઊતરે. પણ હા, સાચી કલા જોઇએ, નકલી માલથી છેતરાય તેવું ગુજરાત જરૂર નથી.

ને જીવનઘડતર તે મોટામાં મોટી કલા છે. આરસમાં મૂર્તિઓ કંડારવા કરતાંય તે મહત્ત્વનું ને અઘરું કામ છે. બાલશિક્ષણ એ કલાની ઉપાસના છે. એની ઉપાસના આપણે સૌ શિક્ષકો, વાલીઓ ને વિદ્યાર્થીઓ સાથે મળીને કરીએ.

(હિન્દુ વોલેન્ટિયર કોર યોજિત પૂર્વ આફ્રિકા બાલશિક્ષણ સંમેલનના પ્રમુખપદેથી આપેલ વ્યાખ્યાન. તા. 25-8-1960)


An http://aksharnaad.com E-book

# વ્યાખ્યાન ત્રીજું. શિક્ષણના બે પાયા

આપણી શાળાઓમાં આજેય વિષયશિક્ષણની બોલબાલા છે. આ વિદ્યાર્થી હોશિયાર કે ઠોઠ એમ કોઈ કહે તેનો અર્થ આપણે એવો જ કરતા હોઈએ છીએ કે ઈતિહાસ-ભૂગોળમાં હોશિયાર અથવા ઠોઠ છે. આપણે જો તે વખતે પહેલું સમજીએ કે વિદ્યાર્થી પોતે ઠોઠ કે હોંશિયાર નથી, પણ ફક્ત ઈતિહાસ કે ભૂગોળમાં જ તે હોંશિયાર કે ઠોઠ છે તો આપણું બાળક વિશેનું માપ સત્યથી વધારે નજીક આવે.

મારી સાથે  અમરશી કરીને એક છોકરો ભણતો હતો. વર્ગમાં કાંઇ આવડે નહિ તેને અમે સૌ ઠોઠડો કહેતા. તે વખતે એવો રિવાજ હતો કે કોઈ વિદ્યાર્થીને શિક્ષક પ્રશ્ન પૂછે, તેને ન આવડે ને તે પછી જેને આવડે તે પહેલા વિદ્યાર્થીને ધોલ મારીને આગળ જાય. આ ભૂંડા રિવાજ પ્રમાણે મેં પણ અમરશીને ધોલો મારી હતી. તે પણ સાચે જ ઠોઠ માનીને ધોલો સહી લેતો.

ખેડૂતનો છોકરો ને પાછો ભણવામાં ઠોઠ એટલે પાંચમા ધોરણથી જ તે ઊઠી ગયેલો.

ઘણાં વર્ષો પછી હું ફરી મારે ગામ ગયેલો. ગામને મન તો એ ગાળામાં હું ઘણો આગળ વધી ગયેલો. એ સાંજે અમરશી મારી પાસે આવીને કહે: “મારે ત્યાં જમવા આવશો? ”

સાંજે જમવા ગયો. વાળુ કરતાં કરતાં તેણે કહ્યું: “ભગવાનની મારા પર મહેર છે, ભાઇએ ભાગ પાડ્યા ત્યારે મારે ભાગે વીસ વીઘા જમીનને એક બળદ આવેલ. પહેલાં તો ગાડું ચલાવતાં મુશ્કેલી પડી; પણ ધીમે ધીમે મહેનત અને કરકસર કરી નવી જમીન લીધી; કૂવો બંધાવ્યો, ઘર પણ બે સાલ પહેલાં જ ચણાવ્યું. આજ મારી પાસે પચાસ વીઘા જમીન છે. બે જોડી બળદ છે.” બહુ જસ્વાભાવિકતાથી કશીય બડાશ વિના એક નરવા આત્મસંતોષથી અમરશી આ વાત કરતો હતો ને મારા અંતરમાં ચણચણાટી થતી હતી. “આ અમરશીને અમે ઠોઠ કહેતા હતા? નાઈલ નદીના મુખ પર ક્યું શહેર આવ્યું કે દરિયાઈ પવનો ક્યાંથી છૂટે ને ક્યારે છૂટે એ નહિ જાણવા માટે તમાચા મારતા હતા? ” નાઈલ નદીનું મુખ નહિ જાણવાથી તેનો ઘરસંસાર કઈ જગ્યાએ અટકી પડ્યો? ને ધારો કે મને જ એક બળદ અને વીસ વીઘા જમીન આપ્યાં હોય તો હું તેમાંથી મારું ગુજરાન કાઢી આવી વાડી, ઘર  વગેરે બાંધી શકત ખરો? હું તો ભૂખે મરી ગયો હોત. દુ:ખી દુ:ખી તો જરૂર થાત. કોની પ્રાણશક્તિ ચડિયાતી? મારી કે અમરશીની? સમાજને મારા જેવાની વધુ જરૂર છે કે અમરશી જેવાની?


An http://aksharnaad.com E-book

તો પછી હોશિયાર અને ઠોઠનો આપણો ગજ કઈ રીતે યોગ્ય ગણાય? કહે છે કે ઇન્ગલૅન્ડમાં સાંજના ભોજનસમારંભમાં કોઈ કાળાં કોટપાટલૂન પહેરીને ન જાય તો બહુ અસંસ્કારી કહેવાય ને જોનારના નાકનાં ટેરવાં ચડી જાય. સંસ્કારિતાનો તેમનો ગજ કાળાં કોટપાટલૂન પર રચાયેલો છે. પણ વસ્તુત: સંસ્કારિતા, માણસાઈ કે પ્રાણશક્તિને કાળાં કોટપાટલૂન સાથે કશો સંબંધ નથી.

જીવનના નિભાવ, વૃદ્ધિ ને સત્ત્વસંશુદ્ધિ માટે કઈ વસ્તુઓની વધારે જરૂર છે તેની આપણને સાફ સમજણ નથી. આથી આપણે ઘણી વાર નાનાને મોટું અને મોટાને નાનું રૂપ આપીએ છીએ. વિદ્યાર્થી ગણિતમાં નાપાસ થાય તેથી તે જીવતરમાં નાપાસ થયો નથી તે વાત આપણે ક્યારે સમજીશું?

વસ્તુત: વિષયો તે સાધન છે, પણ સાધનનું મહત્ત્વ વાપરનાર પર આધારિત છે. દૂરબીન ઘણું સારું સાધન છે, પણ જેને આંખ જ ન હોય કે આંખે ઝામર હોય, ફૂલું હોય તેને ગમે તેવું કીમતી દૂરબીન ભેટ આપીએ તેથી શો ફાયદો થાય? તેના પ્રત્યેનો પ્રેમ તો તેને ઝામર પહેલાં ઉતરાવીને જ બતાવી શકીએ.

પણ જ્યાં સુધી આપણે આંખને બદલે દૂરબીનને જ અગત્યનું ગણ્યા કરીએ ત્યાં સુધી આપણને સાચો રસ્તો કેમ સૂઝે? સાધનની નિંદા નથી કરતો, પણ વાપરનાર કરતાં તે ગૌણ છે, તેટલું જ હું કહેવા માગું છું.

વિષયશિક્ષણે આજે વિદ્યાર્થીને હડસેલી દીધો છે. એટલું જ નહિ, વિદ્યાર્થી, તેનાં માબાપ, શિક્ષણનું જગત-સૌ પર તેણે સવારી કરી છે. “Things are in the saddle” વસ્તુ સવાર થઈ છે. માણસ નહિ.

સહેજે તમને થશે કે તો મહત્ત્વનું શું છે? હું માનું છું કે વિદ્યાર્થીનું આરોગ્ય મહત્ત્વનું છે, વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ મહત્ત્વનો છે. આરોગ્ય, આત્મવિશ્વાસ ને આત્મતૃપ્તિ માટેનાં આ બધાં સાધનો છે. જે પ્રજાએ આને ગૌણ ગણી છગડિયા કૌંસ કે ભાગ્યાગુણ્યાને મહત્ત્વ આપ્યું તે પ્રજા શારીરિક અને માનસિક બદહજમીનો ભોગ થયા વિના રહેતી નથી; ને આપણી કેળવણીનું પરિણામ આ સિવાય શું છે? કોઈ કોઈ વાર તો થાય છે કે જે કેળવણીનો ઝપાટાભેર આપણે ફેલાવો કરી રહ્યા છીએ તે ખરેખર રાષ્ટ્રના લાભમાં છે? પહેલાં કઈ કેળવણી ફેલાવવા જેવી છે તે જરાક શાંતિથી સમજો ને પછી ફેલાવો કરો તે ઈષ્ટ નથી?

તમે વિદ્યાર્થીઓની સંખ્યા વધારો કે ન વધારો પણ જે વિદ્યાર્થીઓમાં આત્મસંતોષ અને આત્મતૃપ્તિ નથી તે વહેલો કે મોડો આક્રમક થાય છે. જેને અંદરથી સુખ કે સંતોષ નથી, તે જો નિર્બળ હોય તો બળીજળીને બેસી રહે છે, નિંદા કરે છે: પણ બળવાન હોય તો બીજાને બાળેજાળે છે. દુનિયાભરનાં આક્રમણો અંત:તૃપ્તિ વિનાનાં દેખાયાં છે. એટલે આત્મવિશ્વાસની જોડે જ આત્મતૃપ્તિની યોજના થવી જોઈએ.

આ આત્મવિશ્વાસ કેમ વધે? જીવનનું પ્રાણબળ કેમ વિકસે?


An http://aksharnaad.com E-book

એની બે જ ચાવી છે: બાળકને અપમાન અને નિરાશા ન મળવાં જોઇએ. આપણે બાળકોને ચાહી શકીએ તો સારું પણ ન ચાહી શકીએ તોપણ તેને અપમાનિત ન કરીએ. "તું શું સમજે? કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં" - આવાં વાક્યો બાળકોના હૃદય પર જે અસર મૂકી જાય છે તે ડામ જેવી છે. ડામ કદી ભૂંસાતા નથી.

જ્યારે જ્યારે બાળકોને અપમાનિત કરીએ છીએ કે નિરાશાનો અનુભવ કરાવીએ છીએ, ત્યારે તેના આત્મવિશ્વાસની એક એક ઈંટ ખેરવીએ છીએ. જીવનનો પાયો આત્મવિશ્વાસ છે. તે વિનાનો માણસ કે તે વિનાની પ્રજા હવા વિનાના ફૂટબૉલ જેવાં છે.

બાળકો જે વાત કરે છે તે બધી આપણી કક્ષાએ સાચી કે ઉત્તમ જ હોય તેવું નથી; બાળકો જે ચિત્રો દોરી આવે, રમકડાં બનાવે તે કોઇ સરસ ચિત્ર કે શિલ્પ નથી હોતાં; પણ તેની કક્ષાએ તો તે સરસ જ હોય છે. સરસ એટલે રસપૂર્ણ હોય છે. એણે જે લીટી તાણી આકૃતિ કરી હોય છે તેમાં તેને જે આનંદ આવ્યો હોય છે, તે રવિભાઇ રાવળને ઉત્તમ ચિત્ર ચીતરતાં આવે તેટલો જ હોય છે.

આપણે જ્યારે તેને નિંદીએ છીએ ત્યારે તે છોભીલો પડી જાય. ફરી તે પ્રવૃત્તિ હાથમાં લેતાં સંકોચ પામે કે ડરે, ને આવા બેચાર કિસ્સા પછી તે તેનો આત્મવિશ્વાસ ખોઈ બેસે.

========================================

કવિતામાં ભલે સારું લાગે કે નાના નાના સો વિજયો કરતાં એક મહાન પરાજય ગૌરવવંતો છે, પણ શિક્ષણમાં એક મહાન પરાજય કરતાં સો નાના વિજયો જ મહત્ત્વના છે.

બાળકો ભલે મલોખાંના ઘોડા બનાવતાં હોય; નથી તે ઘોડા નથી તે ટકવાના, પણ તેમને તે બનાવવા દો, કારણ કે એ નાનાં નાનાં કામો દ્વારા તેમની આત્મશ્રદ્ધાનો બંધ બંધાશે જે પછીથી મોટા પૂરમાં નહિ તૂટે.

નાનાં નાનાં કામો દ્વારા આત્મવિશ્વાસ કેળવાય છે. ચોપડીઓ દ્વારા નહિ.

એટલે નઈતાલીમ ને આપણે પાયાની તાલીમ કહી છે. પાયાની તાલીમ એટલે આત્મવિશ્વાસના પાયાની તાલીમ.

રેંટિયો ભલે નાનો હોય, ભલે તેમાંથી થોડું સૂતર નીકળતું હોય પણ બાળક તેને ઊંચકી શકશે, વીંટશે. આ બધીક્રિયાઓમાંથી કાપડ થાય છે. તે સાદી વસ્તુ છે. પણ તે કરતાંયે તે આત્મવિશ્વાસ વધારે છે.તે વધારે સારી વસ્તુ છે. તે માટે જ આપણને તેની કિંમત છે. કાપડ તો મોટા મશીનથી પણ થઇ શકે છે, પણ મશીન

બાળકની ગતિએ નહિ ચાલે, બાળકને ફેંકી વળોટી તે ચાલ્યું જશે, માલ તેમાંથી પેદા થાય પણ તે બાળક માટે હતોત્સાહનું સાધન બને છે.

એટલે તમે મૂડીવાદી હો કે સમાજવાદી હો, ગાંધીવાદી હો કે સામ્યવાદી, ગ્રામોદ્યોગ વાદી હો કે યંત્રવાદી- બાળકનો આત્મવિશ્વાસ વધારવા માટે તેના હાથમાં તે કાબૂ રાખી શકે તેવું જ સાધન ને પ્રવૃત્તિ આપવાનાં રહેશે. રેંટિયા કરતાં સારું સાધન મળવું મુશ્કેલ છે, પણ તે છતાંયે માનો કે તમારી શાળામાં રેંટિયો નથી તો તેને શેરીમાં, ઘરમાં કે ખેતરમાં પ્રવૃત્તિ કરવા દેજો, ઉત્તેજન આપજો, ઈતિહાસ કે ભૂગોળના પાઠમાં આવા કારણે મોડો પડતો હોય તો તેનું અપમાન ન કરતા. તમે પ્રવૃત્તિ વિનાની નિશાળમાં જે શિક્ષણ આપશો તેના કરતાં નિશાળ બહારની આવી પ્રવૃત્તિ વધારે શૈક્ષણિક થશે.

હવે આત્મપ્રવૃત્તિનું શું? માણસ જ્યારે મનગમતી પ્રવૃત્તિમાં રોકાયેલો હોય છે, ત્યારે અંદરથી આનંદના ઘૂંટડા આવે છે. તેની તોલે રાજાનાં રાજપાટ પણ કોડીનાં લાગે. જેને આત્મતૃપ્તિ નથી તે બીજા-ત્રીજા પાછળ ભટકે છે. સર્જનનો સંતોષ નથી હોતો. તે સતા દ્વારા રોફ બજાવીને સંતોષ મેળવવા મથે છે. દુનિયાની અથડામણનું મૂળ એ છે કે હોરસ કાણામાં ગોળ ખૂંટીઓ ભરાવાય છે. આથી કાણાનેય કષ્ત છે ને ખૂંટીનેય કષ્ટ. પણ જેને મનગમતી પ્રવૃત્તિ મળે છે તેને બાર બાદશાહી મળ્યાનું સુખ મળે છે.

મોટા માણસોને આવું સમાજ પૂરું પાડે ત્યારે ખરો, પણ શાળામાં બાળકોને આવી  મનગમતી પ્રવૃત્તિ પૂરી પાડવાનું શા સારુ ન કરી શકીએ? આખરે બાળકોને જોઇતું શું હોય છે? નાનાં બાળકોને થોડી માટી આપો— અરે, ફૂબા કરવા રેતી આપો, ને થોડા કાગળ આપો, નાનો એવો ફૂલબગ આપો, ને થોડો થોડો ઉત્સાહ આપો. બસ તેને બાર બાદશાહી મળી જશેવ, તેને સ્વૈચ્છિક પ્રવૃત્તિ આપવા મથો.

આવી આત્મતૃપ્તિ મેળવતું બાળક કોઈના પર રોફ બજાવવા નહિ જાય. આક્રમણનું એક મૂળિયું કાપવાનું ધર્મકાર્ય આમ અનાયાસે તમારા હાથે થશે, તમે પણ તમારા સ્થાને ઊભા રહી વિશ્વશાંતિમાં ફાળો આપી શકશો.

પણ એ ત્યારે જ બની શકશે જ્યરે વિષયશિક્ષણનું જે વધારેપડતું સ્થાન તમારા મગજમાં છે તે ઓછું થાય ને સહેતુક બાલોચિત પ્રવૃત્તિનું મહત્ત્વ તમે સમજો.

આજ તો આપણે કેરીમાં રસ વધારવાને બદલે ગોટલો વધારવાનું પરાક્રમ કરી રહ્યા હોઇએ તેવું લાગે છે.

(સોનગઢ અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ સમક્ષ આપેલું વ્યાખ્યાન: લેખકનું પુસ્તક: ‘સર્વોદય અને શિક્ષણ’માંથી સારવીને, આભાર)

# વ્યાખ્યાન ચોથું. બાળપણની કેળવણી

બાળપણની કેળવણી માટેનું ઉત્તમમાં ઉત્તમ પુસ્તક દશમસ્કંધ છે. પહેલાં તમે જુઓ યશોદા. વ્યાસે નામ જ યશોદા આપ્યું. યશ આપવાવાળી. યશ તો છોકરાં સારાં થાય તો મળે, ન થાય તો ન જ મળે.

સ્ત્રીનું પહેલું કામ તો પોતાના છોકરાને સારો કરવો એ છે. અમારી લોકભારતીમાં એવો નિયમ છે કે અમે સ્ત્રીઓને આખા દિવસનું કામ આપતા જ નથી. પહેલેથી નિયમ છે કે અડધા દિવસનું કામ આપવાનું. એ ઘરફૂકડી થાય એમ અમે ઈચ્છતા નથી. એણે છોકરાં સાચવવાં, પોતાના ધણીને સાચવવો, પોતાનું કામ છે એ કરવું. એ જો ઉત્તમ કામ ન કરે તો એ સ્ત્રી નથી.

ક્ષિતિમોહન સેન એ મોટા આચાર્ય હતા અને ભારતીય સંસ્કૃતિના એ પારગામી ઋષિ હતા. હોલૅન્ડની એક ડચ મહિલા એમને મળવા ગઈ. પછી એ ડચ મહિલાએ એમને કહ્યું કે -

"હું હિન્દુસ્તાનમાં તો ફરી, પણ સમાજમાં સ્ત્રીઓ ઘણી પાછળ છે. અમારે ત્યાં બધી સ્ત્રીઓ પુરુષોની હરીફાઇ કરે છે. જે કાંઈ કામ પુરુષો કરે તે બધાં એ કરે. એ અવકાશમાં પણ જાય ને એન્જિન ડ્રાઈવર પણ થાય, ને ઑફિસમાં પણ જાય અને એકેએક  હોદ્દાને માટે પોતે કોમ્પિટ કરે છે."

ક્ષિતિબાબુ હસીને કહે: "મેડમ, તમારે ત્યાં બાળકો માટે મને બહુ દયા આવે છે !"

મેડમે કહ્યું: "કેમ એમ કહ્યું?"

ક્ષિતિબાબુ : "તે એટલા માટે કે તેને બે બાપ થશે. એકેય 'મા'નહિ હોય—એક કુદરતે આપેલો બાપ ને આ કૃત્રિમ બાપ બીજો. તમારાં બાળકોનું શું થશે?"

યશોદા ક્યાંય નોકરી કરવા ગઈ હોય એવું ભાગવતમાં લખ્યું નથી. મૉન્ટેસરીની નિશાળમાં જનારી બાઈઓ પોતાના ઘરે નોકરડી પાસે છોકરાં ઉછેરાવે છે. તે શું મૉન્ટેસરી ભણી એમ મને થાય છે ! પોતાનાં છોકરાં નોકરડી પાસે મૂકે. 25 રૂપિયાના પગારે અને પોતે ત્યાં જાય. આ કઈ જાતનો સોદો છે?

યશોદાએ ભગવાનને સર્વસ્વ ગણ્યા. પોતાનાં બાળકને એમણે બધું જ તોફાન કરવા દીધું. અને ઊલટા ગોપીઓનાં દૂધ, દહીં, માખણ વગેરે... બધું જઈને ઢોળી નાખે, ફોડી નાખે, વાંદરાઓને ખવડાવી દે—બધું કરે

ને ફરિયાદ કરવા ગોપીઓ આવે તો કહે કે, “મારો કા’નો એવું ન કરે હોં—ન કરે—ના, ના, કા’નો એ કરે જ નહિ.”

પેલી ગોપીઓ કહે: “મારું ઘર તો જુઓ?” પણ એને કા’નાનો દોષ વસતો જ નથી, કારણ કે એને એમ છે કે બાળક તોફાન ન કરે તો શું ગીતા વાંચે? શું સમજો છો તમારા મનમાં? બાળક તોફાન ન કરે તો શું કરે એ? એવું તો થાય એના હાથે કોઈ વાર…!

આ દશમસ્કંધ મસ્તીનો છે અને બાળકેળવણીના કેટલા મોટા સિદ્ધાંતો એમાં આપી દીધા છે !

એક વાર ભગવાને માટી ખાધી. એ પ્રસંગ ભાગવતમાં આવે છે અને બળરામે જઈને ફરિયાદ કરી: “મા, આ કા’નો માટી ખાય છે !”

મા કહે: “અહીંયાં આવ, માટી ખાય છે? ઘરમાં દૂધ નથી? દહીં નથી? તે માટી ખાવા માંડ્યો ?

કા’નો: (બે દાંત દાબીને) “અં…હં (હું કાંઈ માટી ખાતો જ નથી.)”

મા: “મોઢું ખોલ.”

મા પરાણે મોઢું ખોલાવે છે. અને ભાગવતકાર શું કહે છે? એ જ કહી શકે. બીજા કોઈની શક્તિ નથી. તેણે મોઢું ખોલાવ્યું તો તેને ચૌદ બ્રહ્માંડ દેખાયાં ! અને પછી ચાલુ પુરાણીઓ કહે કે બ્રહ્માંડો ભગવાનમાં હતાં. ને આ બધી વાતોમાં હું માનતો નથી.

ચૌદ બ્રહ્માંડ દેખાયાં એટલે બાળકની અંદર અમીબાથી માંડીને મહાત્મા ગાંધી સુધીના અંશો આવેલા છે, તે ચૌદ બ્રહ્માંડ છે. એ શક્તિ બાળકની અંદર નિગૂઢ રીતે પડેલી છે અને એ કો’ક યશોદાને દેખાઈ જાય છે અને બાકી બધીને દેખાતી જ નથી ! તેને બાળક તે બાળક જ લાગે છે.

બાળક એ ઈનહેરીટર (વારસદાર) કોના? બાયોલૉજિકલી, સાયકોલૉજીકલી કોઈપણ હિસાબે જુઓ. વિજ્ઞાનનો સિદ્ધાંત છે કે એનર્જીનો નાશ થતો નથી. એનર્જીનો નાશ થાય જ નહિ. એનું પરિવર્તન થાય છે! તો આ કાળોના કાળથી આ એનર્જી આપણા દ્વારા બહાર આવી છે. તે આવી કઈ જગ્યાએ? ભાગવતના દશમસ્કંધમાં કહ્યું છે કે એ બાળકમાં આવે છે. એની આપણને ખબર નથી પડતી. એનું કારણ આપણાં અજ્ઞાન મા-બાપ, અજ્ઞાન શિક્ષકો, અજ્ઞાન સમાજ છે !


An http://aksharnaad.com E-book

એક વાર કૃષ્ણને બાંધ્યા, જેને ઉખળબંધન કહે છે. તે ઉખળબંધનમાં તેના હાથ બાંધે છે. ને ભગવાન તો ભોળા-ડાહ્યા છોકરાની જેમ ઊભા રહ્યા. એણે દોરડું મંગાવ્યું. તે દોરડું ટૂંકું પડ્યું. બીજું મંગાવ્યું. તે પણ ટૂંકું પડ્યું. ત્રીજું મંગાવ્યું. છેવટે ઘરમાં જેટલાં દોરડાં હતાં તે મંગાવ્યાં પણ તે ટૂંકાં પડ્યાં. આ કેવડો મોટો સિદ્ધાંત છે કે, બાળકને તમે નહિ બાંધી શકો. કૃપા કરીને એ ધંધો મૂકી દો, એ ધંધો તમારે કરવા જેવો નથી.' તમે શું બાળકને બાંધશો? ઓરડામાં હું એને બેસાડીશ. સમજો કે એને પાટિયા સામે બેસાડીશ. 'જો, પાટિયા સામે જો, A=B, B=C, A=C,-- પૂછીશ. 'બધું જુએ છે કે નથી જોતો?' પેલો આમ સામે આંખો કરે અને હું એમ માનું કે એ ભણવા માંડ્યો છે, પણ એ તો એમ વિચાર કરતો હોય કે મારે ના'વા જવું છે.

આ દશમસ્કંધમાં તો એમ જ કહ્યું છે કે આવું આયોજન કરતાં જ નહિ—છોકરાંને બાંધવાનું ! જીવન પ્રત્યે એક પ્રકારનો આદર—જીવમાત્ર પ્રત્યે એક પ્રકારનો આદર હોવો જોઈએ. તે આદર સમસંવેદનશીલતામાંથી આવે છે અને એ ગુણ મા આપે છે. બાપ આપે છે, મિત્રો આપે છે, ઢોર આપે છે, જેની સાથે રમ્યા હોય તે આપે છે.

અમે બધાં નાનાં હતાં ત્યારે શેરીમાં કૂતરી વિયાય એટલે અમે બધાં ભેગાં થઈ જઈને એને જોઈએ. કાળું, લાલ, કાબરું કેટલાં એનાં બચ્ચાં આવ્યાં? પછી એને શીરો ખવડાવે છે તો ચાલો આપણે આ કૂતરીને શીરો ખવડાવીએ. એક ઠીંકરી લઈને અમે જઈએ. ઘેર ઘેર જઈને કહીએ, 'બાઈ બાઈ કૂતરી વિયાણી, તેલ દો, ગોળ દો.' આ એક સંવેદનશીલતા હતી ! હવે કોણ એમ જાય છે? કોને પડી છે એવી? કૂતરી ને એનાં ગલૂડિયાં સાથે શું લેવા કે શું દેવા ! સિમેન્ટનાં જંગલો સંવેદનશીલતાને ગૂંગળાવી નાખે છે...

અમારે ત્યાં પ્રાથમિક શાળામાં અમે છોકરાઓને કહીએ કે તું બે ઝાડ ઉછેર, ખાતર-દવા કર, બે કૂતરાનાં બચ્ચાંને ઉછેર. આ ગાયનાં બચ્ચાંને રમાડ. આખો દિવસ કાંઈ કોઈ એ કરતું નથી. પણ એને એટલી તો ખબર પડે છે, કે મારે પીવું પડે છે એમ વાછરડાંને પાણી જોઈએ છે. મારે કંઇ ખાવા જોઈએ, એમ છોડને ખાતર જોઇએ છે અને એને ખાતર ન મળે તો એ સુકાઈ જાય છે. એને પહેલો ભાવ તો એ જ થાય છે કે મારા જેવા જ એ પણ ચેતનવંત Life છે એટલે એને મારી નાખવાની, ફેંકી દેવાનો કોઈ સવાલ જ નથી.

આ સમસંવેદનશીલતા તમે કદી ઈંટા-ચૂનાનાં મકાનમાં નહિ શીખવી શકો. ઈંટ-ચૂનાના મકાનમાં પછી એ રહેવાનો હોય તો ભલે રહે !

શ્રીકૃષ્ણની ઉંમર હતી 13 વર્ષની, ત્યારે કહે છે કે ભગવાન 13મે વર્ષે રાસલીલા રમ્યા હતા અને પંદરમે વર્ષે એમણે કંસને માર્યો હતો. હવે એકાદ છોકરો તો એવો નીકળે, કંસને મારવાવાળો ! ક્યાંથી નીકળે આ ઈંટ-

ચૂનાના મકાનમાંથી? પંદરમે વર્ષે એ માણસે કહ્યું કે હું કંસને મારી શકું છું! સૌથી આશ્ચર્યની વાત દશમસ્કંધમાં એ છે કે કંસને માર્યા પછી પોતાનાં માતા-પિતાને છોડાવવા તેઓ કારાગારમાં જાય છે. તેમને પગે લાગે છે અને દેવકી એને છાતીએ લગાડે છે. ઉગ્રસેન એને એમ કહે છે કે, 'હવે તું ગાદીએ બેસ.' ત્યારે વસુદેવની સામે જોઈને કહે છેઃ 'પિતાજી, અમે અત્યાર સુધી ભણ્યા નથી. અમે નેસડામાં રહ્યા છીએ. ત્યાં અમને કોણ ભણાવે? તો અમને ભણવા મોકલો.'

પંદરમે વર્ષે એ ભણવા જાય છે. સાંદીપનિને ત્યાં. એમ કહે છે કે, ત્યાં 64 કળાઓ 64 દિવસમાં કૃષ્ણ શીખી ગયા. એ તો બધું કાવ્ય છે, પણ એટલું તો ખરું જ કે એ બધું જલદી શીખી ગયા હતા !

બીજી બાજુ આપણે તો ત્રણ વરસનું છોકરું ન થયું હોય કે તે પહેલાં એને બાલમંદિરમાં ખોસી દઈએ છીએ. આજના બાળમંદિરમાં મંદિરેય નથી હોતું અને બાળ પણ નથી હોતાં. એવી અત્યારની નિશાળ છે. હવે એ છોકરું કેવી રીતે શ્રીકૃષ્ણ થાય એ મને સમજાતું નથી.

આપણે બાળક પર જુલમ કરીએ છીએ. જો તમે ભાગવતની કથામાં ન જાઓ તો મને વાંધો નથી. પણ જાઓ તો મહેરબાની કરીને આમાંથી નીકળી જાઓ. છોકરાંને છોકરાંની રીતે જીવવા દો. એ થોડું મોડું ભણશે તો એ વહેલું ભણશે ! આ હું વર્ષોના મારા અનુભવે કહું છું. મારા ઘણા છોકરાઓ 13 વર્ષની ઉંમરે આવ્યા છે ભણવા માટે, અને ....M.A. (Economics) થયા છે. એનું કારણ એ છે કે અનુભવ લઈને આવે છે એટલે વાત જલદી સમજાઈ જાય છે.

શ્રીકૃષ્ણ એક એવા પુરુષ છે કે જેનો સમુચિત વિકાસ થયો છે. એને આપણે ફરી ફરીને યાદ કરવા જેવા છે. પણ એવા શ્રીકૃષ્ણ 'મા'અથવા 'શિક્ષક' બે જ કરી શકે. આ 'મા'ની વાત ભાગવતે યશોદામાં કરી નાખી.

(નરસી મોનજી શતાબ્દી વર્ષ- મુંબઇમાં આપેલ વ્યાખ્યાન 'મનુષ્યત્વની કેળવણી' માંથી સારવીને સાભાર.)

==================================


An http://aksharnaad.com E-book

## વિશ્વશાંતિની ગુરુકિલ્લી કેમ ?

સંહારવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે. આક્રમક (વૃત્તિ)નો ઉપાય અંતર્તૃપ્તિ છે. જે સમાજ પોતાનાં બાળકો માટે તેમની વય, તેમની વૃત્તિ લક્ષમાં રાખીને સર્જનકાર્યની વ્યવસ્થા પોતાની શિક્ષણવ્યવસ્થામાં યોજે છે તેને કોર્ટો, જેલો, લશ્કરનું ખર્ચ ઓછું કરવું પડે છે.

બાળકો ભલે મલોખાના ઘોડા બનાવતા હોય, નથી તે ઘોડા કે નથી તે ટકવાના. પણ તેમને તે બનાવવા દો. કારણકે એ નાનાં નાનાં કામો દ્વારા તેમની આત્મશ્રદ્ધાનો બંધ બંધાશે, જે પછીનાં મોટાં પૂરમાં (પણ) નહીં તૂટે.

હવે આત્મતૃપ્તિનું શું ? માણસ જ્યારે મનગમતી પ્રવૃત્તિમાં રોકાયેલો હોય છે, ત્યારે અંદરથી આનંદના ઘૂંટડા આવે છે... જેને આત્મતૃપ્તિ નથી, સર્જનનો સંતોષ નથી હોતો તે સત્તા દ્વારા રોફ બજાવી કે શક્તિને આક્રમક કરી સંતોષ મેળવવા મથે છે.

*

જમાનાઓથી સાધુ-સંતો, મહાપુરુષો શાંતિનો ઉપદેશ દેતા આવ્યા છે. તેનું પરિણામ શા સારુ આટલું ઓછું આવ્યું છે ?..... હું ઉત્તર આપવાનું સાહસ કરું ?

આ મહાપુરુષોએ પોતાનો ઉપદેશ પ્રૌઢાને આપ્યો, તેમણે પોતાનું કાર્યક્ષેત્ર પ્રૌઢપરિવર્તન ગણ્યું..... દુર્યોધનને એકવાર વિદુરજી સમજાવે છે કે ભાઈ-ભાઈ વચ્ચેના યુદ્ધનું પરિણામ કેવું ભયંકર આવે. દુર્યોધન... કહે છે "जानामि धर्मम् न च मे प्रवृत्ति, जानाम्यधर्मम् न च मे निवृत्ति" આપણે દુર્યોધનની નાની-મોટી આવૃત્તિ છીએ, કારણકે જ્ઞાન પછીથી આવે છે. આદતો, લાગણીનાં વલણો બાળપણમાં પડી ચૂક્યાં હોય છે..... થોડાક સદ્ભાગીઓને બાદ કરીએ તો (મોટાભાગે જીવનવ્યવહારમાં) બાળપણની આદતો અને લાગણીઓ જીતે છે.

– મનુભાઈ પંચોળી

[સંકલન : રા. પંચોળી]